# અદ્યતન
## પેપર પેટર્ન મુજબ

DIGIBOOKS
" A way towards easy learning " ™

# iconic પેપર-સેટ

**For achieving desired result**

## ધોરણ : 12 (સામાન્ય પ્રવાહ)

1. નામાનાં મૂળતત્વો
2. આંકડાશાસ્ત્ર
3. વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન
4. અર્થશાસ્ત્ર
5. English (S.L.)
6. ગુજરાતી
7. એસ.પી. & સી.સી.
8. કમ્પ્યુટર અધ્યયન

### પુસ્તકની વિશેષતાઓ

- બોર્ડના પ્રશ્નોનો સમાવેશ
- ડીજીબુક્સ પ્રીમીયમ મેમ્બરશીપ ફ્રી
- સંપૂર્ણ પેપર સોલ્યુશન (મુખ્ય થીયરીકલ વિષયોનું)
- ૨૦ વર્ષ સુધીના અનુભવી શિક્ષકોના જ્ઞાનનો નીચોડ
- ડાઉટ સોલ્વિંગ સીસ્ટમ

થીયરીકલ વિષયોનું સંપૂર્ણ સોલ્યુશન Digibooks - Elearning Platform ની એન્ડ્રોઈડ એપ પરથી મળશે.

www.digibooks.in | info@digibooks.in

#10_23

**For more inquiry contact us : 9904225599 / 9898216787**

# Account (154)
## Practice paper – 1

Time : 3 Hours | Total Marks : 100

**સૂચનાઓ :**

1. આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ છે.
2. ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉઅપ્યોગ જરૂરી છે.
3. ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.

## વિભાગ A

♦ **નીચે આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો જવાબ લખો. (દરેકનો 1 ગુણ)** **[20]**

1. ભાગીદારી પેઢીમાં ભાગીદારની જવાબદારી કેવી હોય છે ?
   (A) મર્યાદિત (B) અમર્યાદિત (C) મૂડી પૂરતી મર્યાદિત (D) અંશતઃમર્યાદિત
2. જયારે ભાગીદારોના મૂડી ખાતા સ્થિર હોય ત્યારે ચાલુ ખાતાની જમા બાકીનું વ્યાજ કયાં લખાય છે ?
   (A) મૂડી ખાતાની જમા બાજુ (B) ચાલુ ખાતાની ઉધાર બાજુ
   (C) ચાલુ ખાતાની જમા બાજુ (D) નફા–નુકસાન ફાળવણી ખાતાની જમા બાજુ
3. ધંધામાં રોકાયેલી મૂડી = ........
   (A) કુલ મિલકતો + કુલ દેવાં (B) કુલ મિલકતો × કુલ દેવાં (C) કુલ મિલકતો ÷ કુલ દેવાં (D) કુલ મિલકતો – કુલ દેવાં
4. સમાન્ય રીતે ધંધો મોકાના સ્થળ પર હોય તો પાઘડી ......... હોય છે.
   (A) વધુ (B) ઓછી (C) શૂન્ય (D) ઋણ
5. કારીગર નફાભાગ ભંડોળ ભાગીદારી પેઢી માટે શું છે?
   (A) અનામત (B) દેવું (C) લેણું (D) મિલકત
6. પુનઃમૂલ્યાંકન ખાતાની જમા બાકી એટલે શું ?
   (A) ખોટ (B) નફો (C) જોગવાઈ (D) અનામત
7. ભાગીદારના પ્રવેશ વખતે ચોપડે નહિ નોંધેલ જવાબદારી, નવી પેઢીના ચોપડે ........... તરીકે દર્શાવાય છે.
   (A) દેવાં (B) મિલકત (C) લેણાં (D) નફો
8. નવા ભાગીદારના પ્રવેશ બાદ કર્મચારી નફાભાગ ભંડોળ, પ્રોવિડન્ડ ફંડ કયાં દર્શાવશો ?
   (A) પુનઃમૂલ્યાંકન ખાતે (B) ભાગીદારોના મૂડી ખાતે
   (C) નવા પાકા સરવૈયામાં મૂડી દેવા બાજુ (D) નવ પાકા સરવૈયામાં મિલકત –લેણાં બાજુ
9. ભાગીદારની નિવૃત્તિ વખતે ચાલુ રહેલા ભાગીદારોનો લાભ = ............
   (A) સરખે હિસ્સે (B) નવો ભાગ – જૂનો ભાગ
   (C) જૂનો ભાગ – નવો ભાગ (D) શૂન્ય
10. પેઢીના વિસર્જન વખતે કારીગર અકસ્માત વળતર અનામત ખાતાની બાકી કયાં ખાતે લઈ જવામાં આવે છે?
    (A) માલ–મિલકત નિકાલ ખાતે (B) રોકડ ખાતે (C) ભાગીદારોના મૂડી ખાતે (D) નફા–નુકશાન ખાતે
11. જયારે કોઈ એક ભાગીદારનાં, નિવૃત્તિ, મૃત્યુ કે નાદારીમાં કારણે પેઢીનો ધંધો બંધ ન કરવામાં આવે, બાકીના ભાગીદારો ધંધો ચાલુ રાખે તેને ............... કહેવાય.
    (A) ભાગીદારી પેઢીનું વિસર્જન (B) ભાગીદારીનું વિસર્જન
    (C) ભાગીદારીની સ્થાપના (D) ભાગીદારીનું સંયોજન
12. કંપનીધારા,2013ના કયા પરિશિષ્ટના ભાગ 2 માં નફા–નુકસાનપત્રકનો નમૂનો આપવામાં આવેલ છે ?
    (A) I (B) II (C) III (D) IV
13. શૅર–પ્રીમિયમ (જામીનગીરી પ્રીમિયમ) એ કંપની માટે શું છે ?
    (A) મહેસુલી નફો (B) મૂડીખર્ચ (C) મહેસુલી ખર્ચ (D) મૂડી નફો
14. ડીબેન્ચર પરત કરતા આપેલ પ્રીમીયમ કંપની માટે શું ગણાય?
    (A) આવક (B) જાવક (C) લેણું (D) દેવું



For more inquiry contact us : 9904225599 / 9898216787

**15.** એક કંપનીના ચાલુ વર્ષના ખર્ચાઓ ₹ 6,00,000 છે અને તેમાં પાછલા વર્ષની સરખામણીમાં 20% વધારો થયો હોય તો પાછલા વર્ષના ખર્ચા કેટલા હશે ?

(A) ₹ 1,20,000 (B) ₹ 5,00,000 (C) ₹ 7,20,000 (D) ઉપરના એકેય નહિ

**16.** નાણાકીય હિસાબોને ............ હિસાબો તરીકે ઓળખવામાં આવે છે.

(A) સામાજિક (B) ધાર્મિક (C) રાજકીય (D) ઐતિહાસિક

**17.** ઈક્વિટી = ..........

(A) કુલ મિલકતો – કુલ દેવાં (B) કુલ મિલકતો –બિનચાલુ દેવાં

(C) કુલ મિલકતો –ચાલુ દેવાં (D) બિનચાલુ મિલકતો – કુલ દેવાં

**18.** નીચેનામાંથી કયા ગુણોત્તરોનો સમાવેશ પ્રણાલિગત વર્ગીકરણમાં થાય છે?

(A) મિશ્રગુણોત્તર (B) તરલતાનાં ગુણોત્તર (C) નફા–કારકતાના ગુણોત્તર (D) સદ્ધરતાના ગુણોત્તર

**19.** રોકડ પ્રવાહ પત્રક ધંધાની..............

(A) નફાકારકતા દર્શાવે છે. (B) આર્થિક સદ્ધરતા દર્શાવે છે.

(C) રોકડની પ્રાપ્તિ અને રોકડની જાવક દર્શાવે છે. (D) નફાકારકતા, આર્થિક સદ્ધરતા અને રોકડની પ્રાપ્તિ તથા રોકડની જાવક દર્શાવે છે.

**20.** રોકડ પ્રવાહ પત્રકનુ પ્રગટીકરણ અમુલ "ાં"ાકીય એકમો માટે હિસાબી ધોરણ 3 પ્રમાણે ફરજિયાત બનાવવામાં આવેલ છે.

(A) 1-4-2004 થી લાગુ પડે છે. (B) 1-4-2006 થી લાગુ પડે છે.

(C) 1-4-2006 થી લાગુ પડે છે. (D) 1-4-2007 થી લાગુ પડે છે.

## વિભાગ B

♦ **નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં જવાબ આપો. (દરેકના 1 ગુણ)** **[10]**

**21.** પાઘડી એ કેવા પ્રકારની મિલકત છે ?

**22.** ત્યાગનું પ્રમાણ એટલે શું ?

**23.** મૃત્યુ પામેલ ભાગીદારને છેલ્લા પાકા સરવૈયાની તારીખથી મૃત્યુ તારીખ સુધી નફામાં ભાગ કયા–કયા આધારે નક્કી કરવામાં આવે છે ?

**24.** ભાગીદારની પત્નીએ પેઢીને ધીરેલી લોન અંગે કાયદાની જોગવાઈઓ જણાવો.

**25.** ભાગીદારી પેઢીનું વિસર્જન એટલે શું ?

**26.** ડિબેન્ચર વટાવ એટલે શું ?

**27.** સ્ટોકમાં ફેરફાર ઋણ હોય તો વેચેલ માલની પડતરમાં ઉમેરાય કે બાદ ?

**28.** કામગીરી ગુણોત્તરનું સૂત્ર લખો.

**29.** બૅન્કની ઊપજ સર્જનની પ્રવૃત્તિઓ જણાવો.

**30.** કયા વ્યવહારોનો હંમેશા રોકાણ પ્રવૃત્તિમાં સમાવેશ થાય છે ?

## વિભાગ C

♦ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (છ માંથી કોઇ પણ ચાર)(દરેકના 3 ગુણ)** **[12]**

**31.** D, M અને K 2 :2 :1 મુજબ નફો વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. Mને તેનું કમિશન બાદ કર્યા પછીના નફા પર 10% કમિશન આપવાનું છે. જો વર્ષનાં અંતે પેઢીનો નફો ₹ 1,65,000 હોય તો Mને કુલ કેટલી રકમ મળશે ?

**32.** રામ, શ્યામ અને ઘનશ્યામ એક પેઢીનાં ભાગીદારો છે. તેમનું નફો–નુકસાન વહેંચણીનું પ્રમાણ 5:4:3 છે. બધા જ ભાગીદારોએ મળીને નવું નફા–નુકસાનની વહેંચણીનું પ્રમાણ 2 :2 : 1 નક્કી કર્યું. આ માહિતી પરથી લાભ શોધો.

**33.** પેઢીના વિસર્જન સમયે થતી આમનોંધ પસાર કરો.

(1) પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં પાઘડી ₹ 40,000 દર્શાવેલ છે. તેની કોઈ કિંમત ઉપજતી નથી.

(2) પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં પાઘડી દર્શાવેલ નથી, છતાં તેના વેચાણના ₹ 50,000 ઉપજયા.

(3) ચોપડે પાઘડી ₹ 60,000 દર્શાવેલી હતી, જેના વેચાણના ₹ 40,000 ઉપજયા.

**34.** પેઢીના વિસર્જન સમયે થતી આમનોંધ પસાર કરો.

(1) વિસર્જન વખતે પેઢીના તમામ દેવા ભાગીદારની લોન બાદ કર્યા પછી મિલકતનો વધારો ₹ 50,000 છે. P, Q અને R ભાગીદારોનું નફા–નુકસાન વહેચણીનું પ્રમાણ 2: 4: 4 છે.



For more inquiry contact us : 9904225599 / 9898216787

(2) વિસર્જન વખતે નફા–નુકસાન ખાતાની ખોટ ₹ 40,000 છે. ભાગીદારોને તેનું પ્રમાણ ઉપર મુજબનું છે.

**35.** ડિઝી લિમિટેડ તા. 1-8-2022ના રોજ ₹ 100 નો એક એવા 9 ટકાના 8,000 ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડયા જે તા. 31-7-2027ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 120 ની કિંમતે પરત કરવાના છે. કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

**36.** રાજ લિમિટેડ તા. 1-4-2022ના રોજ ₹ 100 નો એક એવા 11 ટકાના 6,000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડયા. 6 વર્ષ બાદ તા. 31-3-2028ના રોજ બધા ડિબેન્ચર પરનાં નાણાં 10 ટકાના પ્રીમિયમથી પરત કરવાના છે. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

## વિભાગ D

♦ **નીચેના પ્રશ્નોનાં માગ્યા મુજબ જવાબ આપો. (પાંચ માંથી કોઇપણ ત્રણ) (દરેકના 4 ગુણ)** **[12]**

**37.** નીચેની માહિતી પરથી રામ અને શ્યામ ની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત ભારિત સરેરાશ નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિ અનુસાર નક્કી કરો.

વધારા ની માહિતી : (1) ધંધાની મિલકતો :10,50,000 (2) કુલ દેવાં :3,50,000

(3) ધંધાનો સામાન્ય અપેક્ષિત વળતરનો દર 10%

| વર્ષ | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|
| નફો (₹) | 40,000 | 50,000 | 70,000 | 1,00,000 | 1,20,000 |

**38.** નીચેની માહિતી પરથી મન અને મોહનની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત પેઢીના છેલ્લા ચાર વર્ષના સરેરાશ નફાની બે વર્ષની ખરીદીને આધારે ગણવાની છે.

| વર્ષ | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|
| નફો (₹) | 1,00,000 | 1,20,000 | 1,10,000 | 1,30,000 |

**39.** રામેશ્વર કંપની લિમિટેડનાં તા.31-3-2021 અને તા. 31-3-2022ના રોજ પૂરાં થતાં વર્ષનાં સંક્ષિપ્ત નફા–નુકસાનના પત્રક નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે. તેના આધારે તુલનાત્મક નફા–નુકસાનનું પત્રક બનાવો.

| વિગતો | નોંધ નંબર | 31-3-2021 (₹ માં) | 31-3-2022 (₹ માં) |
|---|---|---|---|
| વેચાણની ઊપજો | | 33,00,000 | 22,00,000 |
| અન્ય આવકો | | 2,25,000 | 1,50,000 |
| ખર્ચાઓ | | 23,76,000 | 15,40,000 |
| આવકવેરાનો દર 30% | | | |

**40.** મનોજ લિમિટેડના ચોપડે વેપાર ખાતામાં શરૂનો સ્ટૉક ₹ 65,000 છે. આખરનો સ્ટૉક ₹ 45,000 છે. વર્ષ દરમિયાન ખરીદી ₹ 5,17,500 છે અને ખરીદીના ખર્ચા ₹ 12,500 છે તો સ્ટૉક ગુણોત્તર શોધો.

**41.** નીચે આપેલા વ્યવહારોના આધારે કામગીરીમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| વિગત | (₹) |
|---|---|
| આવકવેરા પહેલાંનો નફો | 99,000 |
| આવકવેરાની જોગવાઈ | 29,000 |
| સૂચિત ડિવિડન્ડ | 39,000 |
| ઘસારો | 22,000 |
| ડિવિડન્ડ મળ્યું | 21,000 |
| વ્યાજ મળ્યું | 20,000 |
| વ્યાજ ચૂકવ્યું | 28,000 |
| પાઘડી માંડી વાળી | 15,000 |
| મિલકત વેચાણ નફો | 12,000 |



For more inquiry contact us : 9904225599 / 9898216787

## વિભાગ E

♦ **નીચેના પ્રશ્નોનાં માગ્યા મુજબ જવાબ આપો. (પાંચ માંથી કોઈપણ ત્રણ) (દરેકના 8 ગુણ)** **[24]**

**42.** મંગલ અને પાંડે એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2020 ના રોજ તેમનું પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**તા. 31-3-2020 ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી :– | | | રોકડ –બૅન્ક | | 2,00,000 |
| મંગલ | 3,00,000 | | દેવાદારો | 3,00,000 | |
| પાંડે | 2,00,000 | 5,00,000 | –ઘાલખાધ અનામત | 20,000 | 2,80,000 |
| લેણદારો | | 6,00,000 | સ્ટૉક | | 70,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | | 50,000 | ફર્નિચર | | 1,30,000 |
| સામાન્ય અનામત | | 30,000 | યંત્રો | | 3,00,000 |
| રોકાણ અનામત | | 40,000 | મકાન | | 2,00,000 |
| કામદાર વળતર અનામત | | 20,000 | રોકાણો | | 60,000 |
| | | **12,40,000** | | | **12,40,000** |

તેઓએ તા. 1-4-2020 થી વિશ્વાને નીચેની શરતોએ ભાગીદાર તરીકે દાખલ કરવાનું નક્કી કર્યું.

(1) વિશ્વા મૂડી તરીકે ₹ 3,00,000 અને ₹ 48,000 પાઘડી તરીકે રોકડમાં લાવશે. પાઘડીની રકમ મંગલ અને પાંડે ઉપાડી જશે.

(2) દેવાદારો પર ઘાલખાધ અનામત 5% રાખવું.

(3) કામદાર વળતર અન્વયે ₹ 12,000 નો દાવો સ્વીકારવો.

(4) યંત્રો અને મકાન પર 10% ઘસારો ગણવો.

(5) ફર્નિચરની કિંમત ₹ 1,20,000 સુધી ઘટાડવી.

(6) સ્ટૉકની કિંમતમાં ₹ 5000 થી વધારો કરવો.

(7) ત્રણેય ભાગીદારોનું નવું નફા–નુકસાનનું પ્રમાણ 4:3:3 રાખવું.

ઉપરની માહિતી પરથી પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**43.** ભવ્ય અને શ્લોક 3:2 ના પ્રમાણમાં નફા–નુકસાના વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું

**પાકું સરવૈયું**

| મૂડી–દેવાં | | રકમ (₹) | મિલકત –લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી | | | પાઘડી | | 1,00,000 |
| ભવ્ય | 4,00,000 | | જમીન–મકાન | | 3,50,000 |
| શ્લોક | 3,00,000 | 7,00,000 | યંત્રો | | 2,00,000 |
| સામાન્ય અનામત | | 90,000 | સ્ટૉક | | 1,80,000 |
| કારીગર વળતર અનામત | | 20,000 | દેવાદારો | 1,20,000 | |
| રોકાણ અનામત | | 10,000 | –ઘાલખાધ અનામત | 10,000 | 1,10,000 |
| લેણદારો | | 1,40,000 | રોકાણો | | 20,000 |
| દેવીહુંડી | | 60,000 | રોકડ–બૅન્ક | | 50,000 |
| | | | જાહેરાત –ઝુંબેશ ખર્ચ | | 10,000 |
| | | **10,20,000** | | | **10,20,000** |

તેઓએ તા. 1-4-2017 થી આયુષને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કરવાનું નક્કી કર્યું.



For more inquiry contact us : 9904225599 / 9898216787

(1) આયુષ ₹ 5,00,000 મૂડી તરીકે અને 1,00,000 પાઘડી પેટે રોકડા લાવશે.

(2) જમીન–મકાનની કિંમત ₹ 80,000 થી વધારવી.

(3) યંત્રોની કિંમત ₹ 1,60,000 સુધી ઘટાડવી.

(4) દેવાદારો પર 10% ઘાલખાધ અનામત રાખવી.

(5) નહિ ચૂકવેલ સમારકામ ખર્ચ માટે ₹ 8,000 ની જોગવાઈ કરવી.

(6) ત્રણેય ભાગીદારોનું નવું નફા–નુકસાનનું પ્રમાણ 2 : 1: 2 રાખવું.

ઉપરની વિગતો પરથી આમનોંધ લખી પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનું મૂડી ખાતાં, રોકડ બૅન્ક ખાતું અને પ્રવેશ બાદ પાકું સરવૈયું તૈયાર કરો.

**44.** તા. 31-3-2020 ના રોજ આજુ, બાજુ અને કાજુ 2:2:1 ના પ્રમાણમાં નફો–નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 1-4-2020 ના રોજ કાજુ નિવૃત્ત થાય છે. તા. 31-3-2020 ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**તા. 31-3-2020 ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી–દેવાં | | રકમ (₹) | મિલકત – લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | પાઘડી | 60,000 |
| આજુ | 3,60,000 | | જમીન–મકાન | 5,00,000 |
| બાજુ | 2,16,000 | | યંત્રો | 1,20,000 |
| કાજુ | 1,80,000 | 7,56,000 | રોકાણો | 2,00,000 |
| સામાન્ય અનામત | | 72,000 | સ્ટૉક | 30,000 |
| કાજુ ની લોન | | 60,000 | દેવાદારો | 40,000 |
| કામદાર વળતર ભંડોળ | | 28,000 | બૅન્ક | 1,05,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | | 40,000 | જાહેરાત ઝુંબેશ–ખર્ચ | 10,000 |
| કામદાર નફાભાગ ભંડોળ | | 50,000 | નફા–નુકસાન ખાતું | 5000 |
| લેણદારો | | 64,000 | | |
| | | **10,70,000** | | **10,70,000** |

નિવૃત્તિની શરતો નીચે મુજબ હતી.

(1) પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 2,00,000 ગણવું.

(2) જમીન મકાનની કિંમત ₹ 5,52,000 સુધી વધારવી.

(3) ₹ 6000 ના લેણદારો ચોપડે નોંધેલ નથી.

(4) ₹ 5000 નું ચોપડે નહિ નોંધેલ ફર્નિચર ₹ 6000 માં વેચવામા આવ્યું.

(5) કામદાર વળતરનો દાવો ₹ 30,000 મંજૂર કરવામાં આવ્યો.

(6) રોકાણોની બજારકિંમત ₹ 1,90,000 છે.

ઉપરની માહિતી પરથી જરૂરી આમનોંધ લખીને પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.



For more inquiry contact us : 9904225599 / 9898216787

**45.** મંગલ-3 પ્લાસ્ટિક લિમિટેડે ₹ 10 નો એક એવા 30,00,000 ઈક્વિટી શૅર બહાર પાડયા હતા. કંપનીના 34,00,000 શૅર માટે અરજીઓ મળી. બોર્ડ ઑફ ડિરેક્ટરર્સની મીટિંગમાં શૅર મંજૂર કરવામાં આવ્યા. વધારાના શૅર માટેની અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેનાં નાણાં શૅર અરજદારોને પરત કર્યા. શૅર પરની રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી.

| | |
|---|---|
| અરજી વખતે શૅર દીઠ | ₹ 2.50 |
| મંજૂરી વખતે શૅર દીઠ | ₹ 3.00 |
| પ્રથમ હપ્તા વખતે શૅર દીઠ | ₹ 2.00 |
| છેલ્લા હપ્તા વખતે શૅર દીઠ | ₹ 2.50 |

સોમનાથ કે જેના 2000 શૅર મંજૂર કરેલ છે, તેણે પ્રથમ અને છેલ્લા હપ્તાના નાણાં ભરેલ નથી, જયારે ભીમ કે જેના 1000 શૅર મંજૂર કરેલ છે, તે છેલ્લા હપ્તાના નાણાં ભરી શકેલ નથી.

આ સિવાય બાકીના શૅરહોલ્ડરો પાસેથી સમયસર બધી રકમ મળી ગઈ હતી. સોમનાથ અને ભીમ બાકી હપ્તાની રકમ અંગે કંપનીની નોટિસ મળ્યા બાદ કંપનીને ચૂકવી દીધી હતી. ઉપરના વ્યવહારો અંગે જરૂરી આમનોંધ કંપનીના ચોપડામાં પસાર કરો.

**46.** અયપ્પા ટેક્સ્ટાઈલ્સ લિમિટેડે ₹ 10 નો એક એવા 12,00,000 ઈક્વિટી શૅર બહાર પાડયા. જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી.

અરજી વખતે શૅરદીઠ ₹ 4

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 4 અને

છેલ્લા હપ્તા વખતે શૅરદીઠ ₹ 2

કંપનીને જાહેર જનતામાંથી 15,50,000

ઈક્વિટી શૅર માટે અરજીઓ મળી. વધારાની મળેલ અરજીઓ નામંજૂર કરી તેના પર અરજી વખતે મળેલ નાણાં અરજદારોને પરત કરવામાં આવ્યાં.

નયન કે જેના 8000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે મંજૂરી અને છેલ્લા હપ્તા વખતની રકમ ચૂકવી ન હતી.

શયન કે જેના 2000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે છેલ્લા હપ્તા વખતની રકમ ચૂકવી ન હતી. કંપનીએ નયન અને શયનના શૅર જપ્ત કર્યા અને જપ્ત કરેલા બધા શૅર, શૅરદીઠ ₹ 7.50 લેખે પૂરેપૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી બહાર પાડયા. આ બધા જ શૅર ઉર્જાએ ખરીદી લીધા હતા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો અને શેરજપ્તી ખાતું પણ તૈયાર કરો.



For more inquiry contact us : 9904225599 / 9898216787

## વિભાગ F

♦ નીચેના પ્રશ્નોનાં માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના 11 ગુણ) [22]

**47.** યક્ષ અને નક્ષની ભાગીદાર પેઢીના તા. 31-3-2020 ના રોજના નીચે આપેલા કાચા સરવૈયા અને હવાલા પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**યશ અને નક્ષની ભાગીદારી પેઢીનું તા. 31-3-2020 ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | રકમ (₹) | જમા બાકીઓ | | રકમ (₹) |
|---|---|---|---|---|
| શરૂનો સ્ટૉક | 20,000 | મૂડી : | | |
| ખરીદી | 3,80,000 | યક્ષ | 1,25,000 | |
| આવકમાલ ગાડાભાડું | 18,000 | નક્ષ | 1,25,000 | 2,50,000 |
| જાવકમાલ ગાડાભાડું | 20,000 | વેચાણ | | 5,00,000 |
| વસૂલાતને પાત્ર દાવા | 6000 | લેણદારો | | 50,000 |
| જાહેરાત ઉપલક ખાતું | 10,000 | | | |
| દેવાદારો | 1,60,000 | | | |
| પગાર | 52,000 | | | |
| વીમા–પ્રીમિયમ | 8000 | | | |
| ભાડું–વેરા | 4000 | | | |
| ઘાલખાધ | 2000 | | | |
| વીજળી–ખર્ચ | 4000 | | | |
| લેણીહુંડી | 10,000 | | | |
| રોકડ અને બૅન્ક | 73,000 | | | |
| ફર્નિચર –ફિટિંગ્સ | 23,000 | | | |
| (પડતર કિંમત – ₹ 30,000) | | | | |
| 12% ટેન્ડર ડિપૉઝિટ | 10,000 | | | |
| (1-7-2019 થી) | | | | |
| | **8,00,000** | | | **8,00,000** |

**હવાલાઓ :**

(1) આખર સ્ટૉક ₹ 1,00,000 નો હતો.

(2) ફર્નિચર અને ફિટિંગ્સ પર 10% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણો.

(3) વસુલાતને પાત્ર દાવાસંબંધી વીમાકંપની પાસે ₹ 4000 માં પતાવટ થઈ છે.

(4) જાહેરાત ઉપલક ખાતામાંથી ચાલુ વર્ષના જાહેરાત ખર્ચ પેટે 50% રકમ માંડી વાળો.

(5) ગ્રાહક પાસેથી મળેલી ₹ 4000 ની લેણીહુંડી 31-3-2020 ના રોજ નકરાઈ જે અગાઉ બેન્કમાં વટાવવામાં આવી હતી.



For more inquiry contact us : 9904225599 / 9898216787

**48.** તા. 31-03-2020 ના રોજનું પ્રિન્સનું કાચું સરવૈયું નીચે મુજબ છે.

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી | | 10,00,000 |
| વપરાયેલ માલની પડતર | 7,50,000 | |
| 12 ટકાની લીધેલી લોન | | 5,00,000 |
| વેચાણ | | 12,00,000 |
| પાઘડી | 2,50,000 | |
| આવક માલ ગાડાભાડું | 30,000 | |
| લોનનું વ્યાજ | 60,000 | |
| પ્રોવિડન્ડ ફંડમાં ફાળો | 40,000 | |
| બૅન્ક ઑવરડ્રાફ્ટ | | 70,000 |
| પ્લાન્ટ –યંત્રો | 10,00,000 | |
| માલસામગ્રી | 1,20,000 | |
| મળેલ ભાડું | | 80,000 |
| દેવાદારો | 1,80,000 | |
| બિનચાલુ રોકાણો | 3,10,000 | |
| વેપારી દેવાં | | 90,000 |
| બૅન્કસિલક | 2,00,000 | |
| માંડીવાળેલ પાઘડી | 60,000, | |
| રોકાણ વધઘટ અનામત | | 40,000 |
| પેન્શન ફંડ | | 20,000 |
| | **30,00,000** | **30,00,000** |

કંપનીધારા -2013 ના પરિશિષ્ટ III મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો.

*******



For more inquiry contact us : 9904225599 / 9898216787